# ૮. બિરબલની ચતુરાઈ

અકબર બાદશાહનો દરબાર ભરાયો હતો. સૌ રંગમાં હતા. બાદશાહે આજે એક રમૂજી નુસખો ખોળી કાઢયો હતો. એક પછી એક દરબારીને બાદશાહ પૂછતા, ''દિલ્હી શહેરમાં કાગડા કેટલા ?'' પણ જવાબ કોણ આપે ? કાગડાની ગણતરી કર્યા વિના કોણ કહે કે આટલા કાગડા હશે? અને કાગડાઓની ગણતરી પણ કેવી રીતે કરાય? એટલે જવાબ આપ્યા વગર છાનામાના તેઓ પોતાની જગ્યાએ બેસી રહેતા.

એવામાં બિરબલ આવ્યો. બિરબલને જોઈ બાદશાહે પૂછ્યું, ''બિરબલ, કહે જોઈએ, દિલ્હી શહેરમાં કાગડા કેટલા ?'' બીરબલે તો બેધડક જવાબ દીધો, ''ખુદાવંદ, ચૌદ હજાર નવસો ઓગણત્રીસ.''

એ સાંભળી બધા દરબારીઓ નવાઈ પામ્યા.

કોઈએ કહ્યું, ''ખોટી વાત !''

કેટલાકે કહ્યું, ''એમ હોય જ નહિ.'' એક જણે કહ્યું, ''બિરબલની ગણતરી સાચી જ હશે, કારણકે ચોક્કસ જાણ્યા વિના તે જવાબ ન આપે.'' સૌનું સાંભળી એક દરબારી બોલ્યો, ''પણ બિરબલ સાચો છે એમ સાબિત જ શી રીતે થશે ?''

બાદશાહ દરબારનો રંગઢંગ જોઈ રહ્યા. પછી તેમણે ધીમે રહીને બિરબલને પૂછ્યું, ''બિરબલ, તેં કાગડાની ગણતરી કરીને જવાબ આપ્યો છે કે એમ જ ?''

બિરબલે જવાબ આપ્યો, ''ગણતરી કરીને, ખુદાવંદ.'' બાદશાહ બોલ્યા,

''જો તારી ગણતરી ખોટી પડશે તો જેટલા કાગડા ઓછાવત્તા થશે એટલા મહોર તને દંડ થશે.''

9G8VHH



બિરબલે કહ્યું, “કબૂલ છે, ખુદાવંદ.”

બાદશાહે પૂછ્યું, “કાગડા ઓછા હશે તો ?”

બિરબલ બોલ્યો, “એટલા કાગડા બહારગામ ગયા હશે.”

બાદશાહે ફરી પૂછ્યું, “અને કાગડા વધારે થાય તો ?”

બિરબલે તરત જવાબ આપ્યો, “એટલા કાગડા અહીં મહેમાન તરીકે આવ્યા હશે.”

બિરબલના ચતુરાઈ ભરેલા આ જવાબથી સૌ રાજી રાજી થઈ ગયા અને એનાં વખાણ કરવા લાગ્યા.

## શબ્દાર્થ

નુસખો – ટૂચકો ; ખોળવું – શોધવું ; બેધડક – ડર્યા વગર ; રંગઢંગ – વર્તન ; દંડ – સજા ; કબૂલ – મંજૂર.



## શિક્ષક – વિદ્યાર્થી વચ્ચે આંતરક્રિયા

- અકબર રાજા અને તેના દરબારની વિશેષતાનો પરિચય
- અકબરના દરબારના વિશેષ દરબારીઓની ઓળખ
- બિરબલના હાજરજવાબીપણાનાં બે–ચાર અન્ય ઉદાહરણો
- પ્રસ્તુત પ્રસંગને ધ્યાનમાં લઈ પ્રશ્નોત્તર

## સ્વાધ્યાય

સ. ૧ એકજ શબ્દમાં જવાબ લખો.

૧) કયા બાદશાહનો દરબાર ભરાયો હતો ? ..................................

૨) બિરબલે બાદશાહને શું કહીને સંબોધન કર્યું ? ..................................

૩) બિરબલનો જવાબ કેવો હતો ? ..................................

૪) બિરબલ તેના કયા ગુણ માટે જાણીતો છે ? ..................................

સ. ૨ નીચેનાં વાક્યો કોણ બોલે છે ? કોને કહે છે ?

૧) ‘દિલ્હી શહેરમાં કાગડા કેટલા ?’
જવાબ : ..................................

૨) ‘ખુદાવંદ, ચૌદ હજાર નવસો ઓગણત્રીસ.’
જવાબ : ..................................

૩) ‘કાગડા ઓછા હશે તો ?’
જવાબ : ..................................

૪) ‘એટલા કાગડા અહીં મહેમાન તરીકે આવ્યા હશે.’
જવાબ : ..................................

સ. ૩ વિરોધી અર્થવાળા શબ્દ લખો.

૧) જવાબ × ....................    ૨) શહેર × ....................

૩) ખોટી × ....................    ૪) ઓછા × ....................

સ. ૪ આડાઅવળા શબ્દો ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.

૧) કાગડા દિલ્હી કેટલા ? શહેરમાં

જવાબ : ............................................................

૨) વધારે તો ? અને કાગડા થાય

જવાબ : ............................................................

સ. ૫ અકબર રાજાના દરબારમાં નવરત્નો હતા. તેમના દરેકનાં નામ શોધો. તેમની સામે તેમનું વિશેષણ લખો. દા. ત. તાનસેન – ગવૈયો

**વિશેષ**

નીચેના શબ્દો જોઈજોઈને ફરીથી લખો.

૧) દિલ્હી – ....................    ૨) જગ્યા – ....................

૩) પામ્યા – ....................    ૪) બોલ્યો – ....................

૫) રહ્યાં – ....................    ૬) ઓછાવત્તા – ....................

**ઉપક્રમ**

અકબર બીરબલના અન્ય આવા બે પ્રસંગો શોધી લાવી વર્ગમાં કહો. તે પ્રસંગમાં આવતા નવા નવા શબ્દોની યાદી બનાવો.



**હું વાંચું..... તમે પણ વાંચો**

ઉખાણાં



(૧) કાળા કાળા ક્યારા, વચ્ચે ધોળાં ફૂલ
રાતે લાગે ન્યારાં દિવસે થાયે ડૂલ
ચૂંટી લાવો પ્યારાં ઝગમગતાં એ ફૂલ !

(૨) ઊડું પણ હું પંખી નહિ, મધ પીઉં મધમાખી નહિ,
ફૂલો વચ્ચે મારો વાસ, ફૂલો મુજને ગમતાં ખાસ,
પાંખે મારે રઢિયાળી ભાત. રંગબેરંગી મારી જાત !

(૩) આમ જાઉં, તેમ જાઉં, જ્યાં જાઓ ત્યાં સાથે થાઉં ;
નાનો થાઉં, મોટો થાઉં, ઊંધી જાઓ તો સંતાઈ જાઉં.

(૪) ચાર ખૂણાનું ચોકઠું, અદ્ધર ઊડ્યું જાય ;
રાજા પૂછે રાણીને, એ ક્યું જનાવર જાય ?